**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૯/૦૭/૨૦૧૦ ને શુક્રવાર ના રોજ બપોર ના ૧૨.૦૦ કલાકે મળેલ ૨૦૮ મી બેઠકની કાર્યવાહી નોંધ :**

બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

(૧) અધ્યક્ષશ્રી, : અધ્યક્ષશ્રી
શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા.

(૨) અધિક સચિવશ્રી, : સભ્યશ્રી
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
ગાંધીનગર

(૩) મુખ્ય નગર નિયોજકશ્રી : સભ્યશ્રી
ગુજરાત રાજય
ગાંધીનગર

(૪) સીટી એન્જીયરશ્રી, : સભ્યશ્રી
વડોદરા મહાનગર સેવાસદન
વડોદરા

(૫) નાણાંકીય સલાહકારશ્રી : એસોસીએટ સભ્યશ્રી
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
ગાંધીનગર

(૬) જીલ્લા વિકાસ અધિકારીશ્રી : આમંત્રિત સભ્યશ્રી
વડોડરા જીલ્લા પંચાયત,
વડોદરા

(૭) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, : સભ્ય-સચિવશ્રી
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા.

બેઠકમાં કોરમ થવાથી નીચેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

મુધ્દા નંબર (૧) : સત્તામંડળની તા. ૧૧/૦૬/૨૦૧૦ ની ૨૦૭ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.

સત્તામંડળની તા.૧૧/૦૬/૨૦૧૦ ની ૨૦૭ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર નં.યુડીએ/મિટિંગ/૧૦૩૫/૧૦ તા.૧૪/૦૬/૨૦૧૦ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે, જે અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૦૨૩): સત્તામંડળની તા.૧૧/૦૬/૨૦૦૭ ની ૨૦૭ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૨) : સત્તામંડળની તા ૧૬/૦૨/૨૦૧૦ ની ૨૦૬ મી બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ બાબત.**

**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૬/૦૨/૨૦૧૦ ની ૨૦૬ મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.**

**ઠરાવ ક્રમાંક (૨૦૨૪): સત્તામંડળની તા.૧૬/૦૨/૨૦૧૦ ની ૨૦૬ મી બેઠકમાં થયેલ ઠરાવોની વિગતો પર થયેલ અમલીકરણની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.**

મુદ્દા નંબર (૩ ) વુડાની મંજુર પાદરા ટી.પી.સ્કીમ નં ૧ તથા ૨ માં મળેલ અનામત ફાઇનલ પ્લોટ ના નિકાલ બાબત

વુડાની મંજુર ટી.પી.સ્કીમ નં.૧ તથા ૨ (પાદરા) માં વુડાને મળેલ વાણિજ્ય હેતુના અનામત (ફાઇનલ) પ્લોટોની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | મંજુર નગર રચના યોજનાનુ નામ | ફાઈનલ પ્લોટ નંબર(અનામત પ્લોટ) | રસ્તાની પહોળાઈ |
|---|---|---|---|
| ૧. | નગર રચના યોજના પાદરા નં.૧ | ૧૫૦<br>૧૫૩<br>૧૫૪<br>૧૫૭ | ૧૫.૦૦ મીટર<br>૧૨.૦૦ મીટર<br>૦૯.૦૦ મીટર<br>૧૨.૦૦ મીટર |
| ૨. | નગર રચના યોજના પાદરા નં.૨ | ૫૯<br>૬૪<br>૬૫<br>૬૯<br>૭૦<br>૭૧<br>૭૨ | ૧૮.૦૦ મીટર<br>૧૮.૦૦ મીટર<br>૪૦.૦૦ મીટર<br>૪૦.૦૦ મીટર<br>૪૦.૦૦ મીટર<br>૪૦.૦૦ મીટર<br>૧૮.૦૦ મીટર |

વુડાની તા. ૧૧/૦૬ /૨૦૧૦ ની ૨૦૭ મી બેઠક ના ઠરાવ ક્રમાંક (૨૦૧૭) થી વુડાની મંજુર નગર રચના યોજના પાદરા નં.૧ તથા નં.૨ માં દર્શાવેલ વેચાણપાત્ર વાણિજય પ્લોટોમાં વુડાની વિકાસ યોજનામાં દર્શાવેલ સ્થાનિક વાણિજય ઝોન તથા રસ્તાની પહોળાઈના આધારે પ્રવર્તમાન જી.ડી.સી.આર મુજબ વાણિજય તથા રહેણાંક હેતુ મળવાપાત્ર ઉપયોગો માટે પરવાનગી મળવાપાત્ર રહેશે તેમ દર્શાવી નિકાલ કરવા ઠરાવવામાં આવેલ છે. જેના કારણે પ્લોટોમાં વાણિજય તથા રહેણાંક હેતુ માટેના બંને ઉપયોગો મળવાપાત્ર થતા હોવાથી આ પ્લોટો ખરીદનારને પુરેપુરી એફ.એસ.આઈ.નો ઉપયોગ થવાની શકયતા રહેતી હોઈ વુડાને સદર પ્લોટ વેચાણ દ્ધારા સારી વેચાણ કિંમત ઉપજી શકે તેમ છે તથા આ પ્લોટોનો ઝડપથી વિકાસ થવાની શકયતા જણાય છે.આ સંજોગોમાં જો સદર જમીન ની અપસેટ પ્રાઇસ વધારવામાં આવે તો ઉપરોકત નકકી કરેલ કિંમત કરતા પણ વધુ કિંમત ઉપજી શકે તેમ હોઇ મંજુર નગર રચના યોજના પાદરા નં.૧ તથા નં.૨ માં દર્શાવેલ ફાઇનલ પ્લોટ ની નવેસર થી અપસેટ પ્રાઇસ નકકી કરી તેની ઓફરો મંગાવી તેને જાહેર હરાજીમાં તબદીલ કરી નિકાલ કરવા નિર્ણય લેવા મુદ્દો પ્રાઇસ કમિટિ માં રજુ કરેલ છે.

ઉપરોકત વિગતે મંજુર નગર રચના યોજના પાદરા નં.૧ તથા નં.૨ માં દર્શાવેલ ફાઇનલ પ્લોટ નો પ્રાઇસ કમિટિ નકકી કરે તે કિંમતે અને શરતો એ નિકાલ કરવા અંગે ચર્ચાવિચારણા થતા તા .૯/૭/૨૦૧૦ ની લેન્ડ પ્રાઇસ કમિટિએ નીચેની વિગતે નકકી કરેલ ભાવ વુડા બોર્ડ મા રજુ કરવામાં આવ્યા

| અ.નં | ટી.પી.સ્કીમ ફા.પ્લોટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. | જંત્રી મુજબનો ભાવ | ટી.પી.ઓ ધ્વારા મુલ્યાંકન | કમિટિ ધ્વારા અંતિમ થયેલ ભાવ |
|---|---|---|---|---|---|
| ૧. | નગર રચના યોજના પાદરા નં ૧ ફા.પ્લો નં ૧૫૦ | ૧૬૬૬ | ૩૮૦૦ | ૧૨૫૨૦ | ૧૨૫૨૦ |
| ૨ | નગર રચના યોજના પાદરા નં ૧ ફા.પ્લો નં ૧૫૩ | ૩૦૯૧ | ૩૮૦૦ | ૧૧૨૬૦ | ૧૧૨૬૦ |
| ૩ | નગર રચના યોજના પાદરા નં ૧ ફા.પ્લો નં ૧૫૪ | ૩૦૭૮ | ૩૮૦૦ | ૧૧૬૩૦ | ૧૧૬૩૦ |
| ૪. | નગર રચના યોજના પાદરા નં ૧ ફા.પ્લો નં ૧૫૭ | ૧૧૯૫ | ૩૮૦૦ | ૧૨૫૨૦ | ૧૨૫૨૦ |
| ૫. | નગર રચના યોજના પાદરા નં ૧ ફા.પ્લો નં ૧૧૮ | ૧૧૮૮ | ૩૮૦૦ | ૧૦૪૭૦ | ૧૦૪૭૦ |
| ૬. | નગર રચના યોજના પાદરા નં ૨ ફા.પ્લો નં ૬૯ | ૧૩૫૪ | ૩૮૦૦ | ૧૭૦૫૦ | હાલ મોકુફ (સુચિત ડી.પી.રોડ ની અસરના કારણે) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭. | નગર રચના યોજના પાદરા નં ૨ ફા.પ્લો નં ૭૦ | ૮૪૫ | ૩૮૦૦ | ૧૭૦૫૦ | હાલ મોકુફ(સુચિત ડી.પી.રોડ ની અસરના કારણે) |
| ૮. | નગર રચના યોજના પાદરા નં ૨ ફા.પ્લો નં ૫૯ | ૧૭૪૫ | ૩૮૦૦ | ૮૯૭૦ | ૮૯૭૦ |
| ૯. | નગર રચના યોજના પાદરા નં ૨ ફા.પ્લો નં ૬૪ | ૧૪૬૫ | ૩૮૦૦ | ૮૯૭૦ | ૮૯૭૦ |
| ૧૦ | નગર રચના યોજના પાદરા નં ૨ ફા.પ્લો નં ૬૫ | ૨૫૪૮ | ૩૮૦૦ | ૧૫૩૫૦ | હાલ મોકુફ (સુચિત ડી.પી.રોડ ની અસરના કારણે) |
| ૧૧. | નગર રચના યોજના પાદરા નં ૨ ફા.પ્લો નં ૭૧ | ૪૮૮ | ૩૮૦૦ | ૧૫૩૫૦ | હાલ મોકુફ (સુચિત ડી.પી.રોડ ની અસરના કારણે) |
| ૧૨ | નગર રચના યોજના પાદરા નં ૨ ફા.પ્લો નં ૭૨ | ૭૬૮ | ૩૮૦૦ | ૯૨૦૦ | ૯૨૦૦ |

ઉપરોક્ત વિગતે પ્રાઇસ કમિટિ એ નકકી કરેલ ભાવો અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક (૨૦૨૫): મંજુર નગર રચના યોજના પાદરા નં.૧ તથા નં.૨ માં દર્શાવેલ ફાઇનલ પ્લોટ તા. ૯/૭/૨૦૧૦ ની લેન્ડ પ્રાઇસ કમિટિએ ઉપરોક્ત વિગતે નકકી કરેલ અપસેટ પ્રાઇસ મુજબ ઓફરો મંગાવી તેને જાહેર હરાજીમાં તબદીલ કરી નિકાલ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને અને આ અંગે ની આગળ તમામ કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર ( ૪ ) : વેમાલી નગર રચના યોજના નં ૧ હેઠળ વુડા ને સંપ્રાપ્ત થયેલ જમીનો ના નિકાલ બાબત.**

નગર રચના યોજના વેમાલી નં ૧ ની રહેણાંક ના હેતુ માટે મળેલ ફા.પ્લોટ નં ૫૪ ની ૫૩૩૯ ચો.મી. તથા કોર્મશિયલ હેતુ માટે મળેલ ફા.પ્લોટ નં ૫૫ ની ૫૨૫૨ ચો.મી જમીનો ભારત સરકાર ના સાહસ પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઇન્ડીયા લીમીટેડ ના તા. ૦૫/૦૪/૨૦૧૦ ના પત્રથી તેઓના ઓફિસ કોમ્પલેક્ષ તથા રેસીડેન્સીયલ કોલોની માટે મળવા તેમજ જમીનના ભાવ તેમજ શરતો અને બોલીઓ જણાવવા માંગણી કરતાં તા. ૧૧/૬/૨૦૧૦ ની બોર્ડ બેઠકમાં ભારત સરકારના સાહસ પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઇન્ડીયા લીમીટેડ ને જમીન ૯૯ વર્ષના ભાડા પટ્ટેથી ફાળવવા બાબતનો તથા સદર સંસ્થાને જમીનનો ઓફરભાવ નકકી કરવા અંગે નો મુદ્દો નિર્ણય માટે રજુ કરવામાં આવતા સત્તામંડળ ની તા. ૧૧/૦૬/૨૦૧૦ ની ૨૦૭ મી બેઠકના ઠરાવ ક્રમાંક (૨૦૧૯) થી નગર રચના યોજના વેમાલી નં ૧ ની રહેણાંક ના હેતુ માટે મળેલ ફા.પ્લોટ નં ૫૪ ની ૫૩૩૯ ચો.મી. તથા કોર્મશિયલ હેતુ માટે મળેલ ફા.પ્લોટ નં ૫૫ ની ૫૨૫૨ ચો.મી ના જંત્રીના ભાવ, હાલની બજાર કિંમત તથા સદર વિસ્તારનો ઝડપી વિકાસ જોતા હાલમાં આ વિસ્તાર ની જમીનના વધેલ ભાવની વિગતો જોતા આ જમીનની ઓફર કિંમત અંગે લેન્ડ પ્રાઇસ કમીટીમાં નવેસર થી ઓફર ભાવ નકકી કરાવી આગામી બોર્ડ બેઠક માં રજુ કરવા ઠરાવવામાં આવેલ છે. તે અન્વયે સવાલવાળી જમીનો નો ઓફર ભાવ નકકી કરવા માટે તા. ૯/૦૭/૨૦૧૦ ના રોજ મળનાર લેન્ડ પ્રાઇસ કમિટિમાં મુદ્દો રજુ કરેલ છે

ઉંપરોકત હકીકત ધ્યાને લઇ નગર રચના યોજના વેમાલી નં ૧ ની રહેણાંક ના હેતુ માટે મળેલ ફા.પ્લોટ નં ૫૪ ની ૫૩૩૯ ચો.મી. તથા કોર્મશિયલ હેતુ માટે મળેલ ફા.પ્લોટ નં ૫૫ ની ૫૨૫૨ ચો.મી જમીનો ભારત સરકાર ના સાહસ પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઇન્ડીયા લીમીટેડ ને આપવા માટે લેન્ડ પ્રાઇસ કમિટિમાં જે ઓફર ભાવ નકકી થાય તે ભાવે અને શરતો એ આપવા ચર્ચા વિચારણા થતાં બોર્ડ સમક્ષ લેન્ડ પ્રાઇસ કમિટિએ નકકી કરેલ ઓફર ભાવ રજુ કરવામાં આવ્યા.

| અ.નં | ટી.પી.સ્કીમ ફા.પ્લોટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. | જંત્રી મુજબનો ભાવ | ટી.પી.ઓ ધ્વારા મુલ્યાંકન | કમિટિ ધ્વારા અંતિમ થયેલ ભાવ |
|---|---|---|---|---|---|
| ૧. | નગર રચના યોજના વેમાલી નં ૧ ફા.પ્લો નં ૫૪ | ૫૩૩૯ | ૪૮૦૦ | ૨૯૫૧૫ | ૨૯૫૦૦ |
| ૨ | નગર રચના યોજના વેમાલી નં ૧ ફા.પ્લો નં ૫૫ | ૫૨૫૨ | ૪૮૦૦ | ૨૯૫૧૫ | ૩૫૪૦૦(વાણિજ્ય હેતુ નો પ્લોટ હોવાથી ૨૦% વધારો ગણતા) |

ઉંપરોકત વિગતે પ્રાઇસ કમિટિ એ નકકી કરેલ ભાવો અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું

**<u>ઠરાવ ક્રમાંક (૨૦૨૬)</u> : નગર રચના યોજના વેમાલી નં ૧ ની રહેણાંક ના હેતુ માટે મળેલ ફા.પ્લોટ નં ૫૪ ની ૫૩૩૯ ચો.મી. તથા કોર્મશિયલ હેતુ માટે મળેલ ફા.પ્લોટ નં ૫૫ ની ૫૨૫૨ ચો.મી જમીનો ભારત સરકાર ના સાહસ પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઇન્ડીયા લીમીટેડ ને આપવા માટે લેન્ડ પ્રાઇસ કમિટિએ ઉંપરોકત વિગતે નકકી કરેલ ઓફર ભાવ મંજુર કરી તે અંગે રાજય સરકારશ્રી ની મંજુરી મેળવી ત્યારબાદ પાવરગ્રીડ કોર્પોરેશન ને ઓફર આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને આ અને આ અંગે ની આગળ તમામ કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવામાં આવી.**

મુદ્દા નંબર (૫) મુસધ્ધારૂપ નગર રચના યોજના, નગર રચના યોજના હરણી નં.૨ (વિભાજન-અ) માટેની કામચલાઉપુન : રચના મુજબની દરખાસ્તો અન્વયે રસ્તા અને વુડાની જાહેર હેતુ માટે ફાળવેલ અંતિમખંડો બાબતે અભિપ્રાય આપવા બાબત.

નગર રચના અધિકારીશ્રી, નગર રચના યોજનાઓ એકમ-૨, વડોદરા એ તા.૧૮-૦૫-૨૦૧૦ ના પત્ર નં.નરયો/હરણી નં.૨/એકમ-૨/૨૦૦ દ્દારા મુસધ્ધારૂપ નગર રચના યોજના હરણી નં.૨(વિભાજન–અ)ની યોજના માટેની કામચલાઉ પુન: રચના મુજબની દરખાસ્તો અન્વયે, વુડાને જાહેર હેતુ માટે ફાળવેલ અંતિમખંડો અને સુચિત રસ્તા બાબતે અત્રેનો પરામર્શ/અભિપ્રાય ઠરાવ સ્વરૂપમાં આપવા સારૂ નકશા પાઠવેલ છે જે અન્વયે નગર રચના યોજના વિસ્તારનું સ્થળ નિરીક્ષણ તા.૨૩-૬-૨૦૧૦ ના રોજ કરેલ છે તથા અનામત દર્શાવેલ ખંડો તેમજ સુચિત રસ્તામાં દબાણ જણાતા નથી તથા સદર યોજનાના સ્થળનિરીક્ષણ પરત્વે યોજના વિસ્તારની હદમાં ફેરફાર જણાતો હોય સુધારો કરવો ઈચ્છનીય જણાય છે. હયાત કાંસની વિગત દર્શાવી વરસાદી પાણીના નિકાલ માટે જરૂરી આયોજન કરવા તેમજ અંતિમખંડ નં.૪૭,૪૮,૫૨,૫૪,૫૫,૫૬ ના આયોજન અંગે ફેરવિચારણા કરવા જણાવીએ તથા સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરેલ મુસધ્ધારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનાની દરખાસ્તો આમેજ કરી આયોજન કરવા ઈચ્છનીય જણાય છે.

નગર રચના યોજના હરણી નં.૨(વિભાજન–અ) માં નગર રચના અધિકારીશ્રીએ વડોદરા શહેરી વિકાસ સંત્તામંડળને ફાળવેલ જાહેર હેતુને ઉપયોગી પ્લોટોની દરખાસ્ત સંદર્ભે જમીનોની ફાળવણી અન્વયે મુસધ્ધારૂપ નગર રચના યોજનાની સ્થિતિ પુન : રચના મુજબના આયોજન હેઠળ ફાળવેલ જમીનોની ફાળવણી અન્વયે આ સાથે સામેલ કરેલ નોંધમાં (નકલ સામેલ છે) તે મુજબ નગર રચના અધિકારીશ્રીને યોજના અંતિમ કરવા માટેનો પરામર્શ આપવા ચર્ચા-વિચારણા અર્થે બોર્ડ સમક્ષ મુદ્દો રજુ થતા નગર રચના અધિકારીશ્રીની દરખાસ્તોની વિગતવાર ચર્ચા-કરવામાં આવી તથા નોંધ દર્શાવ્યા મુજબના વુડાના અવલોકનો યોગ્ય જણાતા હોઈ નોંધમાં રજુ થયેલ મુદ્દા નં.(૧) યોજના વિસ્તારની હદ અંગેનો સુધારો કરવા (૨) હયાત કાંસની વિગત દર્શાવી વરસાદી પાણીના નિકાલ માટે જરૂરી આયોજન કરવા (૩) અંતિમખંડ નં.૪૭, ૪૮, ૫૨,૫૪,૫૫ અને ૫૬ ના આયોજન અંગે ફેર વિચારણા કરવા તેમજ (૪) મુસધ્ધારૂપ દ્દિતિય પુનરાવર્તિત વિકાસ યોજનાની દરખાસ્તો આમેજ કરવાની બાબતો ધ્યાને લઈ તે મુજબ ફેરફાર/સુધારા કરવાની શરતે પરામર્શ આપવા સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક (૨૦૨૭)</u> મુસધ્ધારૂપ નગર રચના યોજના હરણી નં.૨ (વિભાજન-અ) માટેની કામચલાઉ પુન : રચના મુજબની દરખાસ્તો અન્વયે રસ્તા અને વુડાની જાહેર હેતુ માટે ફાળવેલ અનામત પ્લોટો અંગે નોંધમાં દર્શાવ્યા મુજબના મુદા નં.(૧) યોજના વિસ્તારની હદ અંગેનો સુધારો કરવા (૨) હયાત કાંસની વિગત દર્શાવી વરસાદી પાણીના નિકાલ માટે જરૂરી આયોજન કરવા (૩) અંતિમખંડ નં.૪૭, ૪૮, ૫૨,૫૪,૫૫ અને ૫૬ ના આયોજન અંગે ફેર વિચારણા કરવા તેમજ (૪) મુસધ્ધારૂપ દ્દિતિય પુનરાવર્તિત વિકાસ યોજનાની દરખાસ્તો આમેજ કરવાની બાબતો ધ્યાને લઈ તે મુજબ ફેરફાર/સુધારા કરવાની શરતે પરામર્શ આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

અધ્યક્ષ સ્થાને

**મુદ્દા નંબર (૧) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ની નિમણુંક બાબત.**

સત્તામંડળ ની તા. ૨૯/૦૬/૨૦૦૫ ની ૧૮૯ મી બેઠકના ઠરાવ ક્રમાંક ઠરાવ ક્રમાંક (૧૭૭૫) થી સત્તામંડળની હિસાબી કામગીરી માટે મે.ભરત ગજજર એન્ડ એસોસીએટસને સત્તામંડળમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે તા.૧/૪/૨૦૦૫ થી પાંચ વર્ષ માટે નિમણુંક આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવતા પત્ર નં યુડીએ/એડીએમ/૬૯૦/૨૦૦૫/ તા. ૪/૦૮/૨૦૦૫ થી મે.ભરત ગજજર એન્ડ એસોસીએટસને સત્તામંડળમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે તા.૧/૪/૨૦૦૫ થી પાંચ વર્ષ માટે વાર્ષિક રૂા. ૨૬૦૦૦/- ના દરથી નિમણુંક આપવામાં આવેલ છે જે અન્વયે તેઓની મુદત તા. ૩૧/૩/૨૦૧૦ ના રોજ પુરી થયેલ છે. એ. જી. રાજકોટ ના હીસાબોની તપાસણી ના ઓડીટ રીપોર્ટમાં પણ સત્તામંડળ ના હિસાબો નુ ઇન્ટરનલ ઓડીટ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ધ્વારા કરાવવા સુચન થયેલ છે. તેમજ હાલના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સત્તામંડળની કામગીરી નો બહોળો અનુભવ ધરાવે છે તેમજ સત્તામંડળ આવકવેરા ના દાયરામાં આવી જાય છે જેની કામગીરી પણ તેઓ સંભાળે છે જેથી તેઓ ની સેવાઓ ચાલુ રાખવી આવશ્યક જણાય છે. પરંતુ હાલના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મે.ભરત ગજજર એન્ડ એસોસીએટસ નુ ફર્મ બંધ થઇ તેના અન્ય ભાગીદાર કે.કે.પરીખ કે જેઓ સદર ફર્મમાં ૯૦% હિસ્સો ધરાવતા પ્રોપરાઇટર હોઇ વુડા ની ઇન્ટરનલ ઓડીટ અને એકાઉન્ટ ની કામગીરી તેઓજ કરતા હતા તેઓ એ હવે આ ફર્મ નુ નામ મે. કે.કે.પરીખ એન્ડ કુ. કરી તે નામે કામગરી ફાળવવા વિનંતી કરેલ છે. જેથી હવે સદર કામગીરી મે. કે.કે.પરીખ એન્ડ કંપની ના નામે તેઓને સુપ્રત કરવાની થાય છે. તેઓ છેલ્લા પાંચ વર્ષ થી મંજુર કરેલ વાર્ષિક રૂા. ૨૬૦૦૦/- દર થી કામગીરી કરતા હોઇ તેના બદલે ઇન્ટરનલ ઓડીટ ના વાર્ષિક રૂા.૪૦૦૦૦ /- દર ગ્રાહ્ય રાખવા માંગણી કરેલી છે. વધુમાં ડબલ એન્ટ્રી મુજબના એકાઉન્ટીગ વર્ક સર્વીસ ની કામગીરી કોમ્પેકટ કનસલટન્સી સર્વીસ દવારા પણ તેમને રૂા ૨૩૦૦૦/- ના દરે સુપ્રત કરવામાં આવેલ કામગીરી માટે હવે વાર્ષિક રૂા.૩૨૦૦૦/- ના દર ગ્રાહ્ય રાખવા માંગણી કરેલી છે

ઉપરોકત વિગતો ધ્યાને લઇ સત્તામંડળની ઇન્ટરનલ ઓડીટ અને એકાઉન્ટ ની કામગીરી માટે મે. કે.કે.પરીખ એન્ડ કુ ને ઇન્ટરનલ ઓડીટ ના વાર્ષિક રૂા.૪૦૦૦૦/- તથા કોમ્પેકટ કનસલટન્સી સર્વીસ ને ડબલ એન્ટ્રી મુજબના એકાઉન્ટીગ વર્ક સર્વીસ ના વાર્ષિક રૂા.૩૨૦૦૦/- ના દર થી કામગીરી સુપ્રત કરવા નિર્ણય લેવા મુદ્દો રજુ કરાતા ચર્ચાવિચારણા ના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ

**ઠરાવ ક્રમાંક (૨૦૨૮) :** સત્તામંડળની ઇન્ટરનલ ઓડીટ અને એકાઉન્ટ ની કામગીરી માટે મે. કે.કે.પરીખ એન્ડ કુ ને ઇન્ટરનલ ઓડીટ ના વાર્ષિક રૂા.૪૦૦૦૦/- તથા કોમ્પેકટ કનસલટન્સી સર્વીસ ને ડબલ એન્ટ્રી મુજબના એકાઉન્ટીગ વર્ક સર્વીસ ના વાર્ષિક રૂા.૩૨૦૦૦/- ના દર થી કામગીરી પાંચ વર્ષ માટે સુપ્રત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને આ અંગે ની આગળ તમામ કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવામાં આવી..

અધ્યક્ષ સ્થાને

મુદ્દા નંબર (૨) વડોદરા મહાનગર સેવાસદન વિસ્તારના રસ્તાઓને વુડાની મુસધ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં પહોળા દર્શાવવા બાબત.

વુડાની ૨૦૭ મી બોર્ડ બેઠકમાં ઠરાવ ક્રમાંક : ૨૦૨૧ થી વડોદરા મહાનગર સેવાસદન વિસ્તારના મહત્વના રસ્તાઓની પહોળાઈ વધારવાની બાબતની ચકાસણી કરવા તથા રસ્તાની પહોળાઈની જરૂરીયાત નક્કી કરી દરખાસ્ત રજુ કરવા વડોદરા મહાનગર સેવાસદનને જણાવવા ઠરાવ થયેલ હતો જે પરત્વે અત્રેથી તા.૧૬-૦૬-૨૦૧૦ ના પત્રથી વડોદાર મહાનગર સેવાસદનને જાણ કરતા વડોદરા મહાનગર સેવાસદન દ્ધારા સુચવેલ " એનેક્ષાર " મુજબ ૬(છ)રસ્તાઓની દરખાસ્ત વુડા બોર્ડ સમક્ષ રજુ થતા વિગતવાર ચર્ચા કરવામાં આવી જેમાં અધ્યક્ષશ્રી દ્ધારા જણાવવામાં આવ્યુ કે વુડાની મુસધ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના તૈયાર કરવાના સમયે વડોદરા મહાનગર સેવાસદન વિસ્તારના મહત્વના રસ્તાઓ કે જેમાં ટ્રાફીકનુ ભારણ વધુ પ્રમાણમાં છે તથા અગાઉ સીઆઈઆરટી તથા રાઈટસના રીપોર્ટમાં ભલામણો કરેલ છે તેવા રસ્તાઓને પહોળા દર્શાવવા જરૂરી હોવા છતાં વડોદરા મહાનગર સેવાસદન દ્ધારા જે તે સમયે દરખાસ્ત થયેલ ન હોવાને કારણે સુચવાયેલ નથી. આથી હવે આ રસ્તાઓ હજી વિકાસ યોજના મંજુર થયેલ ન હોઈ સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવામાં આવે તો સરકારશ્રી દ્ધારા મુસધ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં સુચિત કરી શકાય તેમ છે. જે અંગે મુખ્ય નગર નિયોજકશ્રીનુ મંતવ્ય હતુ કે વિકાસ યોજના તૈયાર કરવાના તબક્કામાં કલમ-૧૩ હેઠળ વાંધા સુચનો મંગાવવામાં આવે છે પરંતુ આ પ્રકારના કિસ્સાઓમાં સરકારશ્રીમાં સીધી દરખાસ્ત મોકલવાથી સુધારાઓનુ પ્રમાણ વધી જાય જેને કારણે કલમ-૧૭ હેઠળ જાહેર જનતાના વાંધા સુચનો પણ વધવાની શકયતા રહે છે. આ સંજોગોમાં હાલ આ રસ્તાઓમાં ફેરફાર કરવા માટે સરકારશ્રીને વિનંતી કરી શકાય. ઉકત ચર્ચા-વિચારણાને અંતે સર્વ સંમતીથી એમ નક્કી થયુ કે વડોદરા મહાનગર સેવાસદન દ્ધારા " એનેક્ષાર " માં જણાવેલ કુલ છ (૬) રસ્તાઓની ફેરફારની દરખાસ્તો વડોદરા મહાનગર સેવાસદનના અનુમોદન સહ વુડાની દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં આમેજ કરવા સરકારશ્રીને પાઠવવા માટે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૦૨૯) વડોદરા મહાનગર સેવાસદન તરફથી જણાવેલ વડોદરા મહાનગર સેવાસદન વિસ્તારના " એનેક્ષાર " મુજબના છ (૬) રસ્તાઓની પહોળાઈમાં ફેરફાર કરવાની દરખાસ્ત વડોદરા મહાનગર સેવાસદનના અનુમોદન સહ વુડાની મુસધ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં આમેજ કરવા સરકારશ્રીમાં પાઠવી આપવા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સત્તા સોપવા ઠરાવવામાં આવ્યુ.

અંતમાં હાજર રહેલ સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

સહી/-
સભ્ય - સચિવ
વ
મુખ્ય કારોબારી અધિકારી
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા

સહી/-
અધ્યક્ષ
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા.

# " એનેક્ષર "

1. છાણી જી.એસ.એફ.સી થી જાંબુવા બાયપાસ સુધી (જુનો ને.હા.નં. ૮) ઓછામાં ઓછો ૪૦.૦ મી. પહોળાઇ નો રસ્તો મળી રહે તે રીતે તથા જ્યાં વધારે હોય તથા તે મુજબની પહોળાઇ યથાવત રાખવી.

2. પ્રતાપનગર રોડ (૩૦.૫૦ મી) થી યમુના મીલ મહાનગર સુધી (વડોદરા કસ્બા) ૧૮.૦ મી ના બદલે ૩૬.૦ મી (પરવાનગી મુજબ મેક્ષ ૧૮+ ૯=૨૭.૦મી. મળી શકે).

3. ગેંડા સર્કલ થી બાપુની દરગાહ થઇ કેનાલ સુધી ૩૦.૦ મી. ની જગ્યાએ ૩૬.૦ મી રોડ.

4. તરસાલી બસ સ્ટેન્ડથી બાયપાસ ૨૪.૦ મી બદલે ૩૦.૦ મી.

5. માણેજા વડોદરા મહાનગર સેવાસદન ની હદથી મુંબઇ – અમદાવાદ રેલ્વે પશ્ચિમ તરફ રેલ્વે હદને સમાંતર ૧૫.૦ મી પરશુરામ ભઠ્ઠા સુધી ૧૫.૦ મી. તથા ફ્રામજી કમ્પાઉન્ડ થી ઉત્તર વડોદરા કસ્બા-ગોરવા વિલેજમાં ૧૮.૦ મી. રોડ (પોષક ઇન્ડસ્ટ્રીઝ સુધી)

6. સુભાનપુરા ટી.પી. ૨ ની હદથી આઇ.ટી.આઇ. ગોરવા મેઇન રોડ સુધી ૨૧.૦ મી (ઇલોરા પાર્ક થી ટી.પી. ૨ ની હદ સુધી ૨૧.૦ મી. ટી.પી. રોડ છે.)